Extra No. 330

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] **FRIDAY, SEPTEMBER 19, 2025 / BHADRA 28, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી સપ્ટેમ્બર, ૨૦૨૫

તારીખ: ૧૯મી સપ્ટેમ્બર, ૨૦૨૫ના ગુજરાત રાજપત્ર, (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા **સન ૨૦૨૫**ના ગુજરાત **અધિનિયમ ક્રમાંક: ૧૫** નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

રાજેન્દ્રસિંહ સોલંકી,

સરકારના નાયબ સચિવ.

GUJARAT ACT NO. 15 OF 2025.

THE GUJARAT MEDICAL PRACTITIONERS' (AMENDMENT) ACT, 2025.

ગુજરાત વિધાનમંડળના નીચેના અધિનિયમને રાજ્યપાલે સન ૨૦૨૫ના સપ્ટેમ્બર મહિનાની ૧૮મી તારીખે અનુમતિ આપી હોવાથી, તે, આથી, સર્વે લોકોની જાણ સારું પ્રસિદ્ધ કરવામાં આવે છે.

કે. એમ. લાલા,
ગુજરાત સરકારના સચિવ,
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

GUJARAT ACT NO. 15 OF 2025.

AN ACT

further to amend the Gujarat Medical Practioners' Act, 1963.

સન ૨૦૨૫નો ગુજરાત અધિનિયમ ક્રમાંક. ૧૫.

(રાજ્યપાલની અનુમતિ મળ્યા પછી, સન ૨૦૨૫ના સપ્ટેમ્બર મહિનાની ૧૯મી તારીખે "ગુજરાત સરકારી રાજપત્ર"માં (અંગ્રેજીમાં) પ્રથમ પ્રસિદ્ધ કરેલો.)

ગુજરાત વૈદ્યક વ્યવસાયીઓનો અધિનિયમ, ૧૯૬૩ વધુ સુધારવા બાબત અધિનિયમ.

આથી, ભારતના ગણરાજ્યના છોંતેરમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:-

ટૂંકી સંજ્ઞા અને આરંભ.

૧. (૧) આ અધિનિયમ ગુજરાત વૈદ્યક વ્યવસાયીઓનો (સુધારા) અધિનિયમ, ૨૦૨૫ કહેવાશે.

(૨) તે, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશે.

સન ૧૯૬૪નો ગુજરાતનો ૬૬ો.

સન ૧૯૬૪ના ગુજરાતના ૬૬ા અધિનિયમની કલમ ૨નો સુધારો.

૨. ગુજરાત વૈદ્યક વ્યવસાયીઓનો અધિનિયમ, ૧૯૬૩ (જેનો આમાં હવે પછી, "મુખ્ય અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, કલમ ૨માં, પેટા-કલમ (૧)માં, ખંડ (ગ) પછી, નીચેનો ખંડ ઉમેરવો:-

"(ગક) "કાઉન્સિલ" એટલે આ અધિનિયમ હેઠળ સ્થપાયેલી અને રચાયેલી ગુજરાત આયુર્વેદિક અને યુનાની ચિકિત્સા પદ્ધતિ કાઉન્સિલ.".

સન ૧૯૬૪ના ગુજરાતના ૬૬ા અધિનિયમમાં "બોર્ડ" એ શબ્દને બદલે "કાઉન્સિલ" એ શબ્દ મૂકવા બાબત.

૩. મુખ્ય અધિનિયમમાં, કલમ ૨ની પેટા-કલમ (૧)ના ખંડ (ગ) અને કલમ ૪૦માં હોય તે સિવાય, "બોર્ડ" એ શબ્દ જ્યાં જ્યાં આવતો હોય, ત્યાં તેને બદલે, "કાઉન્સિલ" એ શબ્દ મૂકવો.

Signature Not Verified
Signed by:BHOLUSINGHG THAKUR
Date: 2025.09.29 08:45:57 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar